સ્પેશ્યલ પોકસો કેસ નં. ૦૭/૨૦૨૪
આંક :–

**–:નમુનો–અ:–**

**જૂનાગઢના મે. પાંચમાં એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ**
**ચુકાદાની તા. ૦૭/૦૩/૨૦૨૬**
**સ્પે. પોકસો કેસ નં. ૦૭/૨૦૨૪**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો.કલમ–૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ ૪, ૫(એલ), ૫(એન), ૬, ૮, ૧૨ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૨૫૨૪૦૦૬૨/૨૪. |
| પોલીસ સ્ટેશન | જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન, જુનાગઢ |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી: | વિ. એડી. પી. પી. ડી. સી. ઠાકર. |
| આરોપીપક્ષ | ગોરધનભાઈ બાદુરભાઈ મોહનભાઈ મીઠાપરા, ઉ.વ. ૬૦, ધંધો: ભંગાર વીણવાનો.<br>રહે. નાની વાવડી, તા. રાણપુર, જી. બોટાદ.<br>હાલ ભેસાણ ચોકડી, જૂનાગઢ. |
| આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી આર. આર. વાજા |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૩/૦૨/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૪/૦૨/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૬/૦૩/૨૦૨૪ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૪ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૮/૦૬/૨૦૨૪ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૦૨/૦૧/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ---- |

**-:આરોપીની વિગત:-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨ ૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગોરધનભાઈ બાદુરભાઈ મોહનભાઈ મીઠાપરા, | ૧૫/૦૨/૨૪ | -- | ઈ.પી.કો. કલમ ૩૭૬(૩), ૩૭૬(૨)(n) તથા પોકસો એકટની કલમ-૪, ૫(એલ), ૫(એન), ૬, ૮,૧૨ | નિર્દોષ | -- | -- |

**<u>-:: ચુકાદો ::-</u>**

(૧) આ કામના આરોપી વિરૂઘ્ધ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીની ફરીયાદ આધારે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ ૪, ૫(એલ), ૫(એન), ૬, ૮,૧૨ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) ફરીયાદપક્ષે આરોપીએ તા. ૧૩/૦૨/૨૦૨૪ના કલાક ૨૧/૩૦ વાગે ભોગબનનાર ઉ.વ. ૧૩ સાથે શરીર સબંધ બાંધી બળાત્કારનો ગુનો કરેલ છે અને ભોગબનનાર સાથે આરોપીએ અગાઉ પણ એક થી વધુ વાર બળાત્કારનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ કરતી ફરીયાદ તા. ૧૪/૨/૨૪ના રોજ દાખલ કરેલ છે. તાલુકા પો.સ્ટે. ગુના રજીસ્ટર નં.૧૧૨૦૩૦૨૫૨૪૦૦૬૨/૨૪ થી આરોપી સામે ભારતીય દંડ સંહિતા (આઈ. પી. સી. ) ની કલમ–૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ (પોકસો એકટ) ની કલમ– ૪, ૫(એલ), ૫(એન), ૬, ૮, ૧૨ નોંધાયા બાદ આ ગુનાની તપાસ દરમ્યાન ત.ક.અ.એ લાગતા–વળગતા સાહેદોના નિવેદન નોંધી, બનાવવાળી જગ્યાનુ પંચનામુ તથા આરોપીનું અટક પંચનામુ તથા ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી કરાવી તે દરમ્યાન મેળવાયેલ સેમ્પલ પંચનામું કરી કબજે લઈ એફ.એસ.એલ.મા મોકલેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, ૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ– ૪, ૫(એલ), ૫(એન),૬,૮,૧૨ મુજબનુ ચાર્જશીટ કરેલુ. જે ચાર્જશીટ સ્પે. પોકસો કેસ નં. ૦૭/૨૦૨૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૩) પોકસો એકટની કલમ ૩૩(૭) મુજબ આ ચુકાદામાં ભોગબનનાર અને તેમના પરીવારના સદસ્યોની ઓળખ થાય તેવા કોઈના

નામનો ઉલ્લેખ તેમની ઓળખાણને ગોપનીય રાખવાને હીસાબે કરવામાં આવેલ નથી.

(૪) ચાર્જશીટ રજુ થયા બાદ આરોપી હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ હેઠળ તેમને પોલીસ પેપર્સની નકલો આપી, આરોપી સામે આંક-૧૦ થી ભારતીય દંડ સંહીતાની કલમ- ૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ ૪, ૫(એલ), ૫(એન), ૬, ૮,૧૨ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવેલ, તે તેને વાંચી સંભળાવી સમજાવી આંક ૧૧ થી આરોપીનું નિવેદન નોંધતા તેણે તહોમતનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૫) ફરીયાદ પક્ષ દ્વારા પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**-:નમુનો-ક:-**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૧૪ | ડો. પીંકલબેન જયંતીલાલ ખાણીયા. | ડોકટર સાહેદ. |
| પી.૨ | ૨૩ | ડો. માધવ રૂપેશભાઈ દેવાણી. | ડોકટર સાહેદ. |
| પી.૩ | ૩૧ | ભોગબનનારના સબંધી<br>કે. વા.ઓ. યુ. મકવાણા. | ફરીયાદી. |
| પી.૪ | ૩૪ | દિવ્યેશભાઈ કુંભાભાઈ રામ. | પંચ સાહેદ. |
| પી.૫ | ૪૪ | ચંદ્રીકાબેન ગોવિંદભાઈ પોશીયા. | પંચ સાહેદ . |
| પી.૬ | ૫૦ | અરૂણાબેન દેવજીભાઈ વાલવા. | પંચ સાહેદ. |
| પી.૭ | ૫૧ | સલીમભાઈ ઈબ્રાહીમભાઈ જુણેજા. | પંચ સાહેદ. |
| પી.૮ | ૫૩ | જેસીંગભાઈ થોભણભાઈ બારડ | પંચ સાહેદ. |

| | | | |
|---|---|---|---|
| પી.૯ | ૫૫ | દિવ્યાબેન વલ્લભભાઈ પીઠડીયા. | પોલીસ સાહેદ. |
| પી.૧૦ | ૫૮ | ભોગબનનારના સગા 'કે' ડો.ઓ. યુ. મકવાણા. | સાહેદ. |
| પી.૧૧ | ૬૩ | ભોગબનનાર (એમ) | ભોગબનનાર સાહેદ. |
| પી.૧૨ | ૬૯ | આદિલભાઈ રહીમભાઈ થઈમ. | સાહેદ. |
| પી.૧૩ | ૭૭ | સંજયદાન અશોકભાઈ ગઢવી. | પોલીસ સાહેદ. |
| પી.૧૪ | ૮૬ | હર્ષાબેન પાબુદાન ગઢવી. | તપાસ કરનાર અમલદાર |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૧૫ | ભોગબનનારની ગાયનેકને લગતી મેડીકલ તપાસણી કરવાનો રીપોર્ટ. |
| ડી.૨ | ૧૬ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરી જરૂરી નમુના લેવાનો રીપોર્ટ. |
| ડી.૩ | ૧૭ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરી ઉમર જણાવવા કરેલ રોપોર્ટ. |
| ડી.૪ | ૧૮ | ભોગબનનારનુ મેડીકલ સર્ટીફીકેટ. |
| ડી.૫ | ૧૯ | ભોગબનનારનુ ચેકલીસ્ટ. |
| ડી.૬ | ૨૦ | ભોગબનનારના લીધેલ સેમ્પલ મોકલ્યાની યાદી. |
| ડી.૭ | ૨૧ | ભોગબનનારના એમ.એલ.સી. કેસ પેપર્સ, બ્લડ રીપોર્ટ, એચ.આઈ.વી. રીપોર્ટ, એચ.બી.એસ.એ.જી. રીપોર્ટ, સોનોગ્રાફી રીપોર્ટ, ગાનેકોલોજીસ્ટ રેફરન્સ રીપોર્ટ |
| ડી.૮ | ૨૨ | ભોગબનનારનુ ઉમર અંગેનુ સર્ટીફીકેટ. |
| ડી.૯ | ૨૪ | આરોપીની મેડીકલ તપાસણી કરવાની યાદી. |
| ડી.૧૦ | ૨૫ | આરોપીનુ મેડીકલ સર્ટીફીકેટ. |
| ડી.૧૧ | ૨૬ | આરોપીનુ ચેકલીસ્ટ. |

| | | |
|---|---|---|
| ડી.૧૨ | ૨૭ | આરોપીના લીધેલ સેમ્પલ મોકલ્યાની યાદી. |
| ડી.૧૩ | ૨૮ | આરોપીના એમ.એસ.સી. પેપર્સ, ઓપીડી કેસ કાગળ, લેબોરેટરી રીપોર્ટ, એચ.આઈ.વી. રીપોર્ટ, એસ. બી.એસ.એ.જી. રીપોર્ટ, સી.બી.સી. રીપોર્ટ વિગેરે |
| ડી.૧૪ | ૩૨ | ફરીયાદ. |
| ડી.૧૫ | ૩૫ | આરોપીએ ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધેલ તે જગ્યાનુ પંચનામુ. |
| ડી.૧૬ | ૩૬ | મુદ્દામાલ સ્લીપ. |
| ડી.૧૭ | ૩૭ | આરોપીનું અટક પંચનામુ. |
| ડી.૧૮ | ૩૮ | મુદ્દામાલ સ્લીપ. |
| ડી.૧૯ | ૩૯ | મુદ્દામાલ સ્લીપ. |
| ડી.૨૦ | ૪૫ | મુદ્દામાલ સ્લીપ. |
| ડી.૨૧ | ૪૬ | મુદ્દામાલ સ્લીપ. |
| ડી.૨૨ | ૪૭ | ભોગબનનારની શરીર સ્થિતીનુ પંચનામુ. |
| ડી.૨૩ | ૫૨ | ભોગબનનાર તથા આરોપીના મેડીકલ નમુના કબજે કર્યાનુ પંચનામુ. |
| ડી.૨૪ | ૫૯ | સાહેદનુ સીઆર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન. |
| ડી.૨૫ | ૬૧ | સી.ડી. |
| ડી.૨૬ | ૬૪ | ભોગબનનાર તથા સાહેદના નિવેદનની ડીવીડી. |
| ડી.૨૭ | ૬૫ | ભોગબનનારનુ સીઆર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન. |
| ડી.૨૮ | ૭૮ | ગુન્હો રજીસ્ટર કરવાની યાદી. |
| ડી.૨૯ | ૭૯ | એફ.આઈ.આર.નો ઉતારો. |
| ડી.૩૦ | ૮૦ | સ્ટેશન ડાયરીનો ઉતારો. |
| ડી.૩૧ | ૮૧ | તપાસ સંભાળવાની યાદી. |
| ડી.૩૨ | ૮૭ | ભારે ગુન્હાનો સ્પે. રીપોર્ટ. |
| ડી.૩૩ | ૮૮ | સરકારી પંચો ફાળવવાની યાદી. |

| | | |
|---|---|---|
| ડી.૩૪ | ૮૯ | સ્થળ પરિક્ષણ માટે એફ.એસ.એલ.ને કરેલ રીપોર્ટ. |
| ડી.૩૫ | ૯૦ | સ્થળ પરિક્ષણ અહેવાલ. |
| ડી.૩૬ | ૯૧ | ભોગબનનારનો કબજે સંભાળવા શીશુમગલને કરેલ રીપોર્ટ. |
| ડી.૩૭ | ૯૨ | ભોગબનનારનુ સીઆર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લેવાનો રીપોર્ટ. |
| ડી.૩૮ | ૯૩ | સાહેદનુ સીઆર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લેવાનો રીપોર્ટ. |
| ડી.૩૯ | ૯૪ | ભોગબનનારના નિવેદન માટે તારીખ સમય ફાળવવાનો રીપોર્ટ. |
| ડી.૪૦ | ૯૫ | ભોગબનનારને નિવેદન માટે કરેલ નોટીસ. |
| ડી.૪૧ | ૯૬ | સાહેદના નિવેદન માટે તારીખ સમય ફાળવવાનો રીપોર્ટ. |
| ડી.૪૨ | ૯૭ | સાહેદને નિવેદન માટે કરેલ નોટીસ. |
| ડી.૪૩ | ૯૮ | નિવેદન લેવા ભોગબનનારનો કબજો મળવા શીશુમંગલને કરેલ યાદી. |
| ડી.૪૪ | ૯૯ | ભોગબનનારનો કબજે સંભાળવા શીશુમગલને કરેલ રીપોર્ટ. |
| ડી.૪૫ | ૧૦૦ | મુદ્દામાલ રવાનગી નોંધ. |
| ડી.૪૬ | ૧૦૧ | એફ.એસ.એલ.નો અભિપ્રાય મોકલ્યાનો પત્ર. |
| ડી.૪૭ | ૧૦૨ | એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સીરોલોજી પરિક્ષણઅહેવાલ. |

(૬) ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રીએ આંક– ૧૦૪ થી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પડેલ પુરાવા આધારે આરોપીનુ વિશેષ નિવેદન નોંધતા ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, આવો બનાવ બનેલ ન હોય તેમ છતાં તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છ. ન્યાયના હીતમાં છોડી મુકવા જણાવેલ છે. તેમજ વિશેષમાં તેઓએ તેઓ સોગંદ ઉપર જુબાની આપવા

માંગતા નથી અને બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેવી હકીકત જણાવેલ છે.

(૭) ફરીયાદ પક્ષે વિદ્વાન એડી. પી.પી. શ્રી ડી. સી. ઠાકરની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેઓ તરફે દલીલમાં રજુઆત થયેલ છે કે, આ કામના આરોપી વિરૂધ્ધ જે ગુન્હાનો આક્ષેપ છે તે પુરવાર કરવા આ કામે ફરીયાદપક્ષ તરફથી મૌખિક પુરાવા, દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે તે ધ્યાને લેતા ભોગબનનાર બનાવ વખતે બાળક હોવાનુ ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. વધુમાં આ કામે મહત્વના ભોગબનનાર સાથેના કૃત્યને નજરે જોનાર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે. જેથી ભોગબનનાર કે ફરીયાદી કે અન્ય સાહેદોના સમર્થનને હાલના કેસના કામે જરૂરી નથી. આમ, ફરીયાદપક્ષ બળાત્કાર, વારંવાર બળાત્કાર, પ્રવેશ જાતિય હુમલો, ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો, જાતિય સતામણી કરેલાની હકીકતો તેમના પુરાવામાં જણાવે છે અને ભોગબનનાર સાથે થયેલી આક્ષેપીત કૃત્ય સબંધેની હકીકતોનો ફરીયાદપક્ષના અન્ય સાહેદોએ તેના પુરાવાને સમર્થન કરેલ છે, તે જ રીતે ભોગબનનારને અદાલત સમક્ષ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૬૪ નું નિવેદન આંક ૫૯ અને આંક ૬૫ થી આપવા માટે લાવેલા છે તેમાં પણ તેણીએ વિતગવારની હકીકત જણાવેલ છે. જેથી સદર જાહેર દસ્તાવેજ ન માનવાને કોઈ કારણ નથી અને ફરીયાદપક્ષે ભોગબનનાર કે તેણે જેને આ હકીકત જણાવેલી તે સાહેદ ફરી જવાથી ફરીયાદપક્ષના કેસને તે હકીકત નુકશાન કર્તા માની શકાય નહી. આમ, આરોપીએ ભારતીય દંડસંહિતાની કલમ ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ ૪, ૫(એલ), ૫(એન), ૬,

૮,૧૨ મુજબ નો ગુનો કરેલાની હકીકત પુરવાર કરવાની છે, અને તે મુજબનો આરોપીએ ગુનો કર્યાની હકીકત નોંધપાત્ર રીતે સાહેદોના પુરાવા પરથી સમર્થન મળેલ છે. તેનાથી વિપરીત આરોપીપક્ષે સ્થાપિત હકીકતનું ખંડન કરવામાં નિષ્ફળ નીવડેલ છે. આમ, ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત પુરવાર કરેલ હોય, આરોપીને તેઓની વિરૂધ્ધના ગુના સબબ તકસીરવાન ઠરાવી પોકસો તથા આઈ. પી. સી. હેઠળ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૮) પ્રતિપક્ષે આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી આર. આર. વાજાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેઓ તેમની દલીલમાં જણાવે છે કે આ કામે ફરીયાદી, ભોગબનનાર તેમજ અન્ય સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ફરીયાદપક્ષના કેસ અને મૌખીક પુરાવા વચ્ચે મહત્વનો વીરોધાભાષ ઉભો થયેલો હોય, સાક્ષીઓના પુરાવામાં ભૌતિક વિસંગતતાઓ અને ભુલો હોય, ફરીયાદ આપવામાં વિલંબ થયેલ હોય, ભોગબનનાર બાળક છે તે સાબીત થયેલ ન હોય, આરોપીપક્ષે ઉલટતપાસમાં ફરીયાદપક્ષના સાહેદો અવિશ્વસનીય છે તેવું સાબીત કરેલ હોય, પોકસો કલમ ૨૯ અને ૩૦ના અનુમાનનો ફાયદો આ કામે ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના સાહેદો પુરાવામાં ગંભીર વીરોધાભાષો જણાતા હોય, પોકસો એકટ હેઠળના કાયદામાં સજાની ગંભીરતા અને કડક જોગવાઈઓ હોય, ફરીયાદપક્ષે રજુ પુરાવાઓની કાળજીપુર્વક ચકાસણી સુનિશ્ચિત કરવા માટે ટ્રાયલ કોર્ટ પર એક ભારે ફરજ રહેલ છે. આ કામે આરોપીપક્ષે અનુમાનની ધારણાને રદીયો આપેલ હોય, ફરીયાદપક્ષના સાહેદોની બચાવપક્ષે અસરકારક ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષની ધારણાને ખંડન કરેલ

છે. એટલે કે ફરીયાદપક્ષે તકરારી હકીકત સાબીત/સ્થાપિત કરવાની મુળભુત ફરજ છે અને આરોપીએ તે તકરારી હકિકતના અસ્તિત્વને પોકસો કાયદા હેઠળના કલમ ૨૯ અને ૩૦ના અનુમાનની પુર્વધારણાને રદીયો આપવાની ફરજ ઉભી થતી હોય છે. ફરીયાદપક્ષ તકરારી હકીકતના પાયાના તથ્યો જ સાબીત કરવાની તેની પ્રાથમીક ફરજ સાબીત કરવામાં નિષ્ફળ રહેલ હોય, આ કામે તકરારી ઘટનાને નજરે જોનાર સાક્ષી ન હોય, આરોપી પરનો ભાર આંશીક હોય, જેથી આરોપી સામેનો આક્ષેપ ફરીયાદપક્ષે પુરવાર થયેલો નથી તેમજ આરોપી સામેના સાહેદી પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પણ સાબીત કરવામાં ફરીયાદપક્ષ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષે રજુ ન હોય, ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવી રજુઆત કરેલ છે.

(૯) બન્ને પક્ષની દલીલ, રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઉપરથી હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧). શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગબનનાર જાતિય ગુન્હાઓથી બાળકના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૨ (૧) (ડી) મુજબ બાળક છે ?

(૨). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૧૩/૦૨/૨૦૨૪ના કલાક ૨૧/૩૦ વાગે ભોગબનનાર ઉ.વ. ૧૩ સાથે શરીર સબંધ બાંધી બળાત્કારનો ગુનો કરેલ છે અને ભોગબનનાર સાથે ૧૩/૦૨/૨૦૨૪ પણ

ભોગબનનાર સાથે એક થી વધુ વાર બળાત્કાર કરી, આમ, બળાત્કાર, વારંવાર બળાત્કાર, પ્રવેશ જાતિય હુમલો, ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો, જાતિય સતામણીનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ– ૪, ૫(એલ), ૫(એન), ૬, ૮, ૧૨ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ સયુંકત :–</u>**

(૧૧) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે ૧૪ મૌખિક તથા ૪૬ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

(૧૧.૧) સૌ પ્રથમ ફરીયાદપક્ષે સાહેદ ડો. પિંકલબેન ખાણીયા તેમની આંક ૧૪ની જુબાનીમાં ભોગબનનારને તેઓ સમક્ષ મેડીકલ તપાસણી માટે લાવવામાં આવેલા અને તેણીએ આરોપીએ વારંવાર તેણી પર તેણીની મરજી વિરૂધ્ધ શરીરસબંધ બાંધેલાની હીસ્ટ્રી આપેલી જે ભોગબનનારની રેડીયોલોજીસ્ટના અભીપ્રાય મુજબ ઉમર ૧૩ ની બંને બાજુ બે વર્ષ હોવાનો અભીપ્રાય આપવામાં આવેલાનું જણાવે છે તેમજ ભોગબનનારના ગુપ્ત અંગોની તપાસ કરતા તે વીકસીત અને સામાન્ય હતા અને તેનું હાયમન ઘણી

બધી જગ્યાએ જુનુ, તુટેલું અને હીલ થયેલ માલુમ પડેલ અને તેની સાથે શારીરીક સબંધ બંધાયેલ હતો તેવી શકયતા નકારી શકાય નહી તેવો અભીપ્રાય આપે છે.

બચાવપક્ષે ઉલટતપાસમાં સાહેદ ભોગબનનાર સાથે બળજબરી થયેલ હોય તેવા કોઈ નીશાનો તેના ગુપ્ત ભાગે કે શરીરમાં અન્ય જગ્યાએ જણાયેલા નહી અને હાયમન બીજા ઘણા કારણોથી તુટી શકે અને ભોગબનનાર સાથે શારીરીક સબંધ બંધાયેલો હતો તેવું તેઓ ચોકકસ કહી શકે નહી તેવી હકીકત સાહેદ સ્વીકારે છે અને ભોગબનનારે તેઓ રૂબરૂ કોઈ દુષ્કર્મ થયાની હકીકત જણાવેલી નહી તે હકીકત નકારે છે.

(૧૧.૨) તે ઉપરાંત, ફરીયાદપક્ષે સાહેદ ડો. માધવ દેવાણી તેમની આંક ૨૩ની જુબાનીમાં આરોપીને તેઓ સમક્ષ મેડીકલ તપાસણી માટે લાવવામાં આવેલા અને તેણે તેઓ સમક્ષ જણાવેલ કે તેને દારૂ પીવાની ટેવ છે અને તે દારૂ પી તેની દીકરી સાથે સુતો હતો અને તેને આજુબાજુના લોકોએ માર મારેલ હતો અને સુતી વખતે કોઈપણ બનાવ બનેલાની તેને ખબર નથી તેમ જણાવેલું અને સદર આરોપીએ શરીરસબંધ બાંધેલો ન હોય તેવું કહી શકાય નહી તેવો અભીપ્રાય આપવામાં આવેલાનું જણાવે છે.

બચાવપક્ષે ઉલટતપાસમાં સાહેદ સ્વીકારે છે કે આરોપીએ દુષ્કર્મ કરેલાની હકીકત તેમને જણાવેલી નહી તેમજ તેના ગુપ્તભાગ પર કોઈ ઈજા બળજબરીને હીસાબે થયેલાની જણાયેલ નહી અને તેના શરીરના આંતરીક કે બાહ્ય ભાગોમાં કોઈ પ્રતીકારના નીશાનો જોવા મળેલા નહી અને તેણે ભોગબનનાર સાથે શારીરીક સબંધ બાંધેલો હતો તેવું તેઓ ચોકકસ કહી શકે નહી.

(૧૧.૩) તે ઉપરાંત, ફરીયાદપક્ષે ફરીયાદી તેમની આંક ૩૧ ની જુબાનીમાં ભોગબનનાર સાથે આરોપી ખરાબ કૃત્ય કરતો હોય અને તે હકીકત તેણીને આદીલભાઈ નામની વ્યકિતએ જણાવેલી હોય અને તેઓને ભોગબનનારે પણ આરોપી તેણી પર વારંવાર બળાત્કાર કરતો હોય તેવી હકીકત જણાવેલી હોય અને તે બાબતે તેઓએ ફરીયાદ આપેલાની હકીકતને સમર્થન આપતા નથી.

બચાવપક્ષે સાહેદ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, આદીલભાઈ નામની વ્યકિત માત્ર તેઓને દીપડા બાબતે કહેવા આવેલા અને તે કહી જતા રહેલ તેવી હકીકત સ્વીકારે છે અને તેઓ અભણ હોય પોલીસે તેઓને ફરીયાદ વંચાવ્યા વીના માત્ર તેમના અંગુઠાનું નીશાન લીધેલાનું સ્વીકારે છે.

આમ, આ સાહેદ કે જે આ કામે ભોગબનનાર તેઓને આરોપીના કૃત્યની હકીકત જણાવેલી અને નજરે જોના ર સાહેદ આદીલભાઈએ તેણીને આરોપી ભોગબનનાર સાથે બનાવની રાત્રીએ આક્ષેપીત કૃત્ય કરતો હતો તેવી ફરીયાદ હકીકતને એટલે કે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ. પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી.

(૧૧.૪) તે ઉપરાંત, ફરીયાદપક્ષે ભોગબનનારે ફરીયાદી ઉપરાંત ફરીયાદીના દીકરી ઉ.વ.૧૪ને બનાવની વાત કરેલી તે બાબતે ફરીયાદપક્ષે સદર સાહેદ 'કે' તેમની આંક પ૮ ની જુબાનીમાં તથા ભોગબનનાર જાતે તેમની આંક ૬૩ની જુબાનીમાં આરોપીએ આક્ષેપીત કૃત્ય કરેલાની હકીકતને નકારે છે. ફરીયાદપક્ષે આંક પ૮ થી તપાસેલ સગીર સાહેદ તેમજ આંક ૬૩ થી તપાસેલ ભોગબનનારે મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ ક્રિમીનલ

પ્રોસીજર કોડ કલમ ૧૬૪ના નીવેદનો આંક ૫૯ તથા આંક ૬૫ થી રજુ રખાયેલ છે.

(૧૧.૫) તે ઉપરાંત, ફરીયાદપક્ષે પંચ સાહેદો પૈકી આંક ૩૪ થી દીવ્યેશભાઈ કુંભાભાઈ રામ આંક ૩૫ થી રજુ બનાવના સ્થળના પંચનામા વખતે મુદ્દામાલ રીકવર થયેલાનું જણાવે છે અને તેઓની હાજરીમાં સદર પંચનામું થયેલાનું જણાવે છે અને આરોપીને તેઓની હાજરીમાં અટક કરવામાં આવેલ અને તે મતલબનું પંચનામું (આંક ૩૭) વાળું થયેલાનું અને મુદ્દામાલ કપડા રીકવર કરેલાનું જણાવે છે.

બચાવપક્ષે ઉલટતપાસમાં તેમની હાજરીમાં કોઈ મુદ્દામાલ રીકવર થયેલ નથી કે પંચનામું કરવામાં આવેલો નહી તે હકીકતને નકારે છે.

(૧૧.૬) ફરીયાદપક્ષે પંચ સાહેદો પૈકી આંક ૪૪ થી ચંદ્રિકાબેન ગોવિંદભાઈ પોશીયા તથા આંક ૫૦ થી અરૂણાબેન દેવજીભાઈ વાલવા આંક ૪૭ વાળા પંચનામા દરમ્યાન તેમની હાજરીમાં ભોગબનનારના કપડા તપાસના કામે પોલીસે કબજે લઈ તેણીની શરીરસ્થિતીનું પંચનામું કરેલાનું સ્વીકારે છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદ ચંદ્રીકાબેન તેમની ઉલટમાં જણાવે છે કે તેઓને પંચનામું વાંચી સંભળાવવામાં આવેલ નહી તેમજ સાહેદ અરૂણાબેન તેમની ઉલટતપાસમાં આ પંચનામું તેઓએ વાંચેલ નહી તે હકીકત સ્વીકારે છે.

(૧૧.૭) ફરીયાદપક્ષે પંચ સાહેદો પૈકી આંક ૫૧ થી સલીમભાઈ ઈબ્રાહીમભાઈ તથા આંક ૫૩ થી જેસીંગભાઈ થોભણભાઈ બારડ આંક ૫૨ વાળા પંચનામા દરમ્યાન તેમની હાજરીમાં ભોગબનનારના તથા આરોપીના

મેડીકલ તપાસણી વખતે લેવાયેલા નમુનાઓ તપાસના કામે પોલીસે કબજે લઈ પંચનામું કરેલાનું નકારે છે અને ફરી ગયેલા જાહેર થયેલ છે. બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદ ચંદ્રીકાબેન તેમની ઉલટમાં જણાવે છે કે તેઓને પંચનામું વાંચી સંભળાવવામાં આવેલ નહી તેમજ સાહેદ અરૂણાબેન તેમની ઉલટતપાસમાં આ પંચનામું તેઓએ વાંચેલ નહી તે હકીકત સ્વીકારે છે.

(૧૧.૮) ફરીયાદપક્ષે આંક ૬૯ થી સાહેદ આદિલભાઈ રહીમભાઈ થઈમ તેમની જુબાનીમાં બનાવ રાત્રીના સમયે બનેલો અને ગ્રીનલેન્ડ હોટલની પાછળ આવેલ ઝુંપડાઓ વાળાઓને તેઓ દીપડાની અવરજવર અંગે સાવચેત કરવા ગયેલા ત્યારે ઝુંપડાની બહાર આરોપી નિર્વસ્ત્ર નાની છોકરી પર પોતે પણ નિર્વસ્ત્ર ગોદડું ઓઢી સુતેલો જોતા આજુબાજુના ઝુંપડા વાળાઓને વાત કરેલી અને સદર છોકરીએ આરોપી તેનો પીતા છે અને ખરાબ કામ કરેલાનું જણાવેલ અને તે બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલાનું જણાવેલ છે.

બચાવપક્ષે ઉલટતપાસમાં બનાવ વખતે અંધારૂ હતું અને તેઓ આ ઝુંપડાવાળાઓને નામજોગ ઓળખતા નથી તે સ્વીકારે છે અને પોલીસે તેમના નીવેદનમાં શું લખેલ તે હકીકતની તેમને ખબર નથી તે બાબત નકારે છે.

(૧૧.૯) ફરીયાદપક્ષે આંક ૫૫ થી પોલીસ સાહેદ દીવ્યાબેન વલ્લભભાઈ પીઠડીયા તેમની જુબાનીમાં ત.ક.અ.ને તેઓએ સીવીલ હોસ્પિટલમાંથી ભોગબનનારના તથા આરોપીના મેડીકલ તપાસણી વખતે લેવાયેલા નમુનાઓ આપવામાં આવેલ તે સોંપેલાની હકીકત જણાવે છે અને તે મતલબનું પંચનામું કરવામાં આવેલાની હકીકત જણાવે છે.

બચાવપક્ષે આ સાહેદ તેમની ઉલટતપાસમાં કોઈ મહત્વની તકરાર લેવાયેલાનું જણાતું નથી.

(૧૧.૧૦) ફરીયાદપક્ષે આંક ૭૭ થી પોલીસ સાહેદ સંજયદાન અશોકભાઈ ગઢવી તેમની જુબાનીમાં તેઓ રૂબરૂ ફરીયાદીએ આંક ૩૨ વાળી ફરીયાદ આપેલી અને તે આધારે એફ.આઈ.આર. નોંધી સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આગળની તપાસ ત.ક.અ. એચ. પી. ગઢવીને ડેપ્યુટ કરેલાનું જણાવે છે. બચાવપક્ષે સાહેદ ઉલટતપાસમાં ભોગબનનાર ફરીયાદી સાથે આવેલા હતા કે કેમ તે હકીકત ફરીયાદમાં નોંધવામાં આવેલ નથી અને તેઓએ ગુનાની જાણ કરવામાં વીલંબ થવાના કારણો લખેલા નથી અને ફરીયાદી તેઓ સમક્ષ તા. ૧૪/૨/૨૪ના રોજ કેટલા વાગે આવેલ તે હકીકત લખેલ નથી તે સ્વીકારે છે અને માત્ર ફરીયાદ નોંધવાનું તેઓની પી.એસ.ઓ. ડયુટીમાં ઉચીત હોવાનું જણાવે છે.

(૧૧.૧૧) તે ઉપરાંત, ફરીયાદપક્ષે પોલીસ સાહેદ ત.ક.અ. હર્ષાબેન ગઢવી આંક ૮૬ની જુબાનીમાં તાલુકા પો.સ્ટે. ગુના રજીસ્ટર નં.૧૧૨૦૩૦૨૫૨૪૦૦૬૨/૨૪ થી આરોપી સામે ભારતીય દંડ સંહિતા (આઈ. પી. સી. ) ની કલમ–૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ (પોકસો એકટ) ની કલમ– ૪, ૫(એલ), ૫(એન), ૬, ૮, ૧૨ નોંધાયા બાદ આ ગુનાની તપાસ દરમ્યાન તેઓએ લાગતા–વળગતા સાહેદોના નિવેદન નોંધી, બનાવવાળી જગ્યાનુ પંચનામુ તથા આરોપીનું અટક પંચનામુ તથા ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી કરાવી તે દરમ્યાન મેળવાયેલ સેમ્પલ પંચનામું કરી કબજે લઈ એફ.એસ.એલ.મા મોકલેલ અને અભીપ્રાય આવી જતા અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો

હોય, ૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ– ૪, ૫(એલ), ૫(એન),૬,૮,૧૨ મુજબનુ ચાર્જશીટ કરેલાનું જણાવે છે.

સદરહુ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરીયાદ મોડી આપવામાં આવેલાનું અને ભોગબનનારનું તેઓ તરફ તપાસ આવી ત્યારે મેડીકલ તપાસણી થયેલ ન હોવાનું સ્વીકારે છે. પંચો રૂબરૂ પંચનામાઓ કરેલા નથી અને તૈયાર પંચનામામાં પાછળથી સહીઓ લીધાનું અને સાહેદોના નીવેદનો તેઓના લખાવ્યા મુજબ નહી પરંતુ કેસને અનુરૂપ પાછળથી પો.સ્ટે.માં બેસી લખી લીધેલાનું નકારે છે. વધુમાં તા. ૧૪/૨/૨૪ના રાત્રીના કલાક ૧૯/૩૦ વાગે તપાસ મળેલાનું અને તારીખ ૧૫/૨/૨૪ ના સવારના ૧૦/૦૦ કલાકે ભોગબનનારને મેડીકલ તપાસણી અર્થે મોકલેલાનું જણાવે છે અને આક્ષેપીત બનાવના ૨૪ કલાક બાદ ભોગબનનારની મેડીકલ તપાસણીની કાર્યવાહી કરવા બાબતે ભોગબનનાર સાથે તેમના પરીવારના સભ્યો ન હોય તેણી ગભરાયેલા હોવાથી મેડીકલ તપાસણી તા. ૧૫/૨/૨૪ના સવારના ૧૦/૦૦ કલાકે કરેલાનું કોર્ટ મારફતે પુછવામાં આવતા જણાવે છે. વધુમાં કેસ ડાયરીમાં આવી હકીકત લખવામાં આવેલી નથી તે સ્વીકારે છે અને તેઓને તપાસ મળી ત્યારે ભોગબનનારની મેડીકલ તપાસણી થયેલી નહી અને તપાસ સંભાળેલાનો સમય કેસડાયરીમાં નોંધેલ નથી તે હકીકત સ્વીકારે છે અને તપાસ સંભાળ્યા બાદ મેડીકલ તપાસણી માટે મોકલતા પહેલા દશ કલાક જેટલો સમય પસાર થયેલાનું અને તે દરમ્યાન આ કેસને લગતી કોઈ બીજી કાર્યવાહી કરેલ નહી તે હકીકત સ્વીકારે છે.

(૧૨) સામાન્ય રીતે પોકસો એકટ હેઠળના કેસો જોઈએ તો, કલમ ૨૯ માં આ અધીનીયમની કલમ ૩,૫,૭,૯ અન્વયેના થયેલ ગુનાની કાનુની કાર્યવાહીમાં જયાં સુધી તેનાથી વિરૂધ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, એવું માની લેવામાં આવશે કે, આવા વ્યકિતએ, યથાપ્રસંગ, એવો ગુનો કરેલ છે તેવું અનુમાન સ્પેશ્યલ અદાલત કરશે તેવી જોગવાઈ છે. એટલે કે ફરીયાદપક્ષ ટ્રાયલ શરૂ કરે ત્યારે તેને એક વધારાનો ફાયદો એ થશે કે આરોપી સામે અપરાધની ધારણા રહેશે. વધુમાં એ હકીકત પણ સમજવી જરૂરી છે કે, આવી ધારણા દોષિત ઠેરવવાનો આધાર ત્યારે જ બનશે જયારે ફરીયાદપક્ષ કેસના મુળભુત તથ્યો સ્થાપિત કરશે. જે ફરજ માત્ર ને માત્ર ફરીયાદપક્ષની છે અને તે કયારેય આરોપી તરફ જતી નથી.

(૧૩) વધુમાં ફરીયાદપક્ષે કેસના મુળભુત તથ્યો જેમ કે, ભોગબનનાર બાળક છે, તકરારી હકીકત બનેલ છે, આરોપીએ ગુનો કર્યો છે અને સહાયક પુરાવાથી તકરારી હકીકત સ્થાપિત કરવાની છે.

(૧૪) ઉપરોકત સમગ્ર ફરીયાદપક્ષે રજુ પુરાવાનુ એકસાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે ભોગબનનાર બાળક છે તે બાબતે પોકસો એકટની કલમ ર(ડી)માં બાળક એટલે અઢાર વર્ષની ઉમર પુરી ન કરી હોય તેવી વ્યકિત છે. તે જ રીતે જે. જે. એકટની કલમ ર(૧ર) તથા ર(૧૩) જોતા કાયદાના સંઘર્ષમાં આવેલ વ્યકિત પણ બાળક હોવી જોઈએ. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના P. Yuvaprakash vs State Rep. By Inspector Of Police (2023 INSC 626) ના ચુકાદામાં ઠરાવેલ છે તે મુજબ તેમજ કલમ ૩૪ સાથે The Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 ની કલમ ૯૪ જોવામાં આવે તો, ઉમર સબંધે ધ્યાનમાં લેવાપાત્ર દસ્તાવેજોમાં શાળામાંથી જન્મતારીખનું

પ્રમાણપત્ર અથવા સબંધીત પરીક્ષા બોર્ડ દ્વારા મેટ્રીક અથવા સમકક્ષ પ્રમાણપત્ર જો ઉપલબ્ધ હોય તો અને તેની ગેરહાજરીમાં કોર્પોરેશન અથવા મ્યુનીસીપલ ઓથોરીટી અથવા પંચાયત દ્વારા આપવામાં આવેલ જન્મ પ્રમાણપત્ર અને તેની ગેરહાજરીમાં સમીતી અથવા બોર્ડના આદેશ પર હાથ ધરવામાં આવેલ ઓસિફિકેશન ટેસ્ટ અથવા કોઈ નવીનતમ તબીબી ઉમર નિર્ધારણ પરીક્ષણ દ્વારા ઉમર નકકી કરવી જોઈશે.

(૧૫) આ કામે ભોગબનનારની ઉમર બાબતે જન્મનું પ્રમાણપત્ર કે શાળામાં અભ્યાસ કરેલાનું કોઈ પ્રમાણપત્ર રજુ નથી. આંક ૧૪ થી તપાસેલ મેડીકલ ઓફીસર તેમના પુરાવામાં આંક ૨૨ થી રજુ સર્ટીફીકેટમાં ભોગબનનારની રેડીયોલોજીસ્ટના અભીપ્રાય મુજબ ઉમર ૧૩ ની બંને બાજુ બે વર્ષ હોવાનો અભીપ્રાય આપવામાં આવેલ છે અને સદર સાહેદની ઉલટમાં બચાવપક્ષે આ અભિપ્રાય અનુમાનના આધારે આપેલાની તકરાર લીધેલ છે જે સાહેદ નકારે છે. જેથી આ તબકકે નામદાર દિલ્હી હાઈકોર્ટના Shweta Gulati & Anr. vs The State Govt. Of Nct Of Delhi ( 2018(0) AIJEL-DL 1377552) માં ઠરાવેલ છે તે મુજબ દસ્તાવેજી પુરાવાના અભાવે જયારે ભોગબનનારની ઉમર હાડકાના ઓસિફિકેશન ટેસ્ટ દ્વારા નકકી કરવામા આવે છે ત્યાં ઉમરના અંદાજ અંગે શંકાનો ભાલ આરોપીને આપવો જોઈએ તે ધ્યાને લઈ તથા નામદાર સુપ્રીમ કોર્ટના Ram Suresh Singh vs Prabhat Singh @ Chhotu Singh & Anr on 5 May, 2009 (AIR 2009 SUPREME COURT 2805) માં ઠરાવેલ છે તે મુજબ હાડકાના ઓસિફિકેશન ટેસ્ટ ''ચોકકસ વિજ્ઞાન નથી અને સામાન્ય રીતે બંને બાજુ બે વર્ષની ભુલની મંજુરી આપવી પડે તે સિધ્ધાંત ધ્યાને લેતા અને આરોપીના લાભમાં બે વર્ષની ભુલની મંજુરી આપવામાં આવે તો અને ભોગબનનારના લાભમાં બે વર્ષની ભુલની મંજુરી આપવામાં આવે તો પણ ભોગબનનાર બનાવ વખતે સગીર હતા

તેવું જણાય આવે છે જેથી ભોગબનનાર બનાવ સમયે બાળક હતા તેમ માનું છું. જેથી ભોગબનનાર સગીર વયની હોવાનુ પુરવાર થતુ હોય મુદ્દા નં.–૧ નો જવાબ '' **હકારમાં** ''ઠરાવવામાં આવે છે.

(૧૬) **મુદ્દા નં.–ર** સંદર્ભે ફરીયાદપક્ષે કેસની મુળભુત હકીકતો પૈકી ભોગબનનાર બાળક હતી તેવું સાબીત કરેલ હોય અન્ય હકીકત જેમ કે, તકરારી હકીકત એટલે કે, આરોપીએ ભોગબનનાર સાથે બળાત્કાર, અવાર–નવાર શરીર સબંધ બાંધી સંભોગ કરી બળાત્કાર કરેલાનો, જાતિય હુમલો, પ્રવેશ જાતિય હુમલો, ઉગ્ર જાતિય હુમલો અને જાતિય સતામણી કરી શીક્ષાપાત્ર ગુનો કરેલાનું સાબીત કરવાનું છે.

(૧૭) આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનુ મુલવણી કરીએ તો મહત્વના સાહેદ ભોગબનનારે તેમજ ફરીયાદી અને ભોગબનનાર સાથે બનાવ વખતે હાજર હોય તેઓના પુરાવામાં તેણીની સાથે આરોપીએ તા. ૧૩/૦ર/ર૦ર૪ના કલાક ર૧/૩૦ વાગે ભોગબનનાર ઉ.વ. ૧૩ સાથે શરીર સબંધ બાંધી બળાત્કારનો ગુનો કરેલ છે અને ભોગબનનાર સાથે ૧૩/૦ર/ર૦ર૪ પણ ભોગબનનાર સાથે એક થી વધુ વાર બળાત્કાર કરી, આમ, બળાત્કાર, વારંવાર બળાત્કાર, પ્રવેશ જાતિય હુમલો, ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો, જાતિય સતામણી કરેલ હોય તેવું શંકાથી પર રહી સાબીત થતું નથી.

(૧૮) ફરીયાદપક્ષે આ કામે ભોગબનનારની મેડીકલ તપાસણી થયેલ છે અને તે અંગેનુ મેડીકલ સર્ટીફીકેટ આ કામે આંક–૧૮ થી રજુ થયેલ છે તે તેમજ ડોકટરશ્રીની સોગંદ ઉપરની જુબાની તથા આંક ૬૯ થી તપાસેલ સાહેદ આદીલભાઈની સોગંદ ઉપરની જુબાની તથા આંક ૭૭ તથા ૮૬ થી તપાસેલ ફરીયાદ લેનાર પોલીસ સાહેદ અને ત.ક.અ.નો પુરાવો જોતા

ફરીયાદપક્ષનો કેસ ફરીયાદી કે ભોગબનનાર સાહેદો ફરી ગયેલા હોવા છતા માનવા લાયક છે તેવી દલીલ કરવામાં આવેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી ભોગબનનારના પીતા હોય, ભોગબનનાર પર પરીવાર તરફથી દબાવ આવેલ હોય તેણી ફરીયાદવાળા આક્ષેપીત કૃત્યથી વિરૂધ્ધની હકીકત જણાવે છે. પરંતુ ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૪ મુજબનું આંક ૬૫ થી રજુ ભોગબનનારનું નિવેદન, આંક ૧૮ના સર્ટીફીકેટમાં મેડીકલ ઓફીસર સમક્ષ શારીરીક તપાસણી વખતે ભોગબનનારે આપેલ નિવેદન તેમજ તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ કરનાર ત.ક.અ.નો પુરાવો જોતા ભોગબનનાર આ કામે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેમ છતા ફરીયાદપક્ષે આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે. ફરીયાદપક્ષની ઉકત દલીલ તેમજ આ કામે રજુ ભોગબનનાર, ફરીયાદી અને આંક ૧૮ મેડીકલ એવીડન્સને રજુ રખાવવા તપાસેલ મેડીકલ ઓફીસર તથા આંક ૬૫ થી રજુ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૪ મુજબનું નિવેદન જોતા ઘણો વિરોધાભાસ આવેલ છે. વધુમાં આ કામના આરોપીને ગુન્હામાં સંડોવાયેલા છે તે અંગેનો દાર્શનીક પુરાવો આંક ૬૯ થી ફરીયાદપક્ષે સાહેદ આદિલભાઈનો રજુ છે તે જોઈએ તો, તેઓ બનાવ રાત્રીના સમયે બનેલો અને ગ્રીનલેન્ડ હોટલની પાછળ આવેલ ઝુંપડાઓ વાળાઓને તેઓ દીપડાની અવરજવર અંગે સાવચેત કરવા ગયેલા ત્યારે ઝુંપડાની બહાર આરોપી નિર્વસ્ત્ર હાલતમાં ભોગબનનાર પણ નિર્વસ્ત્ર હોય તે રીતે તેની સાથે સુતેલો હતો તેથી આજુબાજુના ઝુંપડા વાળાઓને વાત કરેલી અને સદર છોકરીએ આરોપી તેનો પીતા છે અને ખરાબ કામ કરેલાનું જણાવેલ અને તે બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલાનું જણાવેલ છે. પરંતું સદર આરોપી નિર્વસ્ત્ર હાલતમાં હાલના

ભોગબનનાર સાથે હતો અને ભોગબનનાર પણ આ બાબતને સમર્થન કરતા હોય તે બાબત પુરવાર થયે સાહેદના પુરાવાને પણ માનવા લાયક ગણાય જે આ કામે ભોગબનનારના પુરાવાથી સમર્થનકર્તા બનતો નથી. એટલુ જ નહીં, આ કામે કોઈ તબીબી પુરાવો જોતા પણ ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ભોગબનનાર સાથે બળાત્કાર કરેલાની હકીકતને સમર્થનકર્તા જણાતો નથી. આ કામે ફરીયાદપક્ષે ફરીયાદપક્ષે આંક ૭૭ થી પોલીસ સાહેદ સંજયદાન અશોકભાઈ ગઢવી જેઓ ફરીયાદ નોંધનાર છે તેઓએ બનાવ રાત્રીના ૧૩/૨/૨૪ના કલાક ૯–૩૦ વાગ્યાના અરસામાં બનેલ હતો તે બાબતે ફરીયાદી કે જે ભોગબનનારના સગા નથી તેઓની ફરીયાદ નોંધે છે પરંતુ ભોગબનનાર તેમની સાથે હોય, ગુનામાં મહત્વનો પુરાવો બળાત્કાર થયેલાના આક્ષેપ વાળી વ્યકિતને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૪(એ) મુજબ માહિતી મળ્યાના ૨૪ કલાકની અંદર રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનર સમક્ષ મોકલવાની મહત્વની જોગવાઈ તરફ દુર્લક્ષ સેવી માત્ર એફ.આઈ.આર. નોંધી સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આગળની તપાસ ત.ક.અ. એચ. પી. ગઢવીને ડેપ્યુટ કરેલાનું જણાવી તેઓની પી.એસ.ઓ. ડયુટીમાં માત્ર ગુનો નોંધવાની કાર્યવાહીને ઉચીત માની હોવાનું જણાવે છે તેજ રીતે ત.ક.અ. હર્ષાબેન ગઢવી આંક ૮૬ની જુબાનીમાં તા. ૧૪/૨/૨૪ના રાત્રીના કલાક ૧૯/૩૦ વાગે તપાસ મળેલાનું અને તા. ૧૫/૨/૨૪ના સવારના ૧૦/૦૦ કલાકે ભોગબનનારને મેડીકલ તપાસણી અર્થે મોકલેલાનું જણાવે છે. આમ, ફરીયાદવાળો બનાવ તા. ૧૩/૨/૨૪ના રાત્રીના ૯/૩૦ વાગ્યે બનેલ હોય, તેવા કીસ્સામાં ભોગબનનારની મેડીકલ તપાસણીની કાર્યવાહી મોડી કરવા બાબતે આપેલ ખુલાશો જોતા ભોગબનનાર સાથે તેમના પરીવારના સભ્યો ન હોય તેણી ગભરાયેલા હોવાથી મેડીકલ તપાસણી

તા.૧૫/૨/૨૪ના સવારના ૧૦/૦૦ કલાકે કરેલાનું કોર્ટ મારફતે પુછવામાં આવતા જણાવે છે. વધુમાં કેસ ડાયરીમાં આવી હકીકત લખવામાં આવેલી નથી તે સ્વીકારે છે અને તેઓને તપાસ મળી ત્યારે ભોગબનનારની મેડીકલ તપાસણી થયેલી નહી અને તપાસ સંભાળેલાનો સમય કેસડાયરીમાં નોંધેલ નથી તે હકીકત સ્વીકારે છે અને તપાસ સંભાળ્યા બાદ મેડીકલ તપાસણી માટે મોકલતા પહેલા દશ કલાક જેટલો સમય પસાર થયેલાનું અને તે દરમ્યાન આ કેસને લગતી કોઈ બીજી કાર્યવાહી કરેલ નહી તે હકીકત સ્વીકારે છે. આમ, આ કામે ભોગબનનાર ઝુંપડામાં રહેતા ગરીબ વર્ગના માતાથી તરછોડાયેલ બાળકી હોય, તેના પર પીતા દ્વારા બળજબરીપુર્વક બળાત્કારનો તથા તેના પહેલા અવારનવાર બળાત્કાર થયાનો ગંભીર આક્ષેપ હોય, ફરીયાદપક્ષે આ બાબત નજરે જોયેલ હોય તેવા સાહેદ (આંક ૬૯) હોવા છતા અદાલત સમક્ષ આ હકીકત પુરવાર કરવામાં સફળતા મેળવેલી નથી તેમ માનું છું. અદાલતને ભોગબનનાર બાળકી પર સંવેદના છે પરંતુ પુરાવાના નિયમો સંવેદના પર નહી પરંતુ ફરીયાદપક્ષના જરૂરી ઉચ્ચતમ ધોરણના પુરાવા પર આધાર રાખે છે અને આરોપીને દોષીત સાબીત કરવાની ફરજ ફરીયાદપક્ષ પરથી હટતી નથી. અદાલત એ હકીકત પણ જાણે છે કે અપરાધ એક જ સાક્ષીની જુબાની દ્વારા સાબિત થઈ શકે છે તે જ રીતે આરોપીની નિર્દોષતા પણ એક જ સાક્ષીની જુબાની પર સ્થાપિત થઈ શકે છે. કાયદાનો એક મજબુત અને સુસ્થાપિત નિયમ છે કે અદાલતે હકીકતની સાબિતી માટે કે રદીયો આપવા માટે જરૂરી પુરાવાઓની માત્રા સાથે નહી પરંતુ ગુણવત્તા સાથે સબંધ છે. આ કામે ભોગબનનાર અને ફરીયાદીનો અને આંક ૬૯ થી તપાસેલ સાહેદનો મૌખીક પુરાવો જોતા વીરોધાભાષ જણાય છે અને સમર્થન મેળવવા માટે જરૂરી પુરાવાઓમાં આંક ૬૫ નું ભોગબનનારનું ક્રિમીનલ

પ્રોસીજર કોડની કલમ ૧૬૪ મુજબનું નિવેદન તેમજ આંક ૧૮નું મેડીકલ સર્ટીફીકેટ સતર્ક રહી તપાસતા અને ફોજદારી કેસમાં ગુના સબંધી આરોપોને શંકારહિત રીતે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે તે કાયદાનો નિયમ અને આરોપીપક્ષે તો માત્ર વાજબી કહી શકાય તેવી શંકા જ ઉભી કરવાની છે તે નીયમ જોતા અને અદાલતે લાગણી કે ભાવનામાં ખેંચાયા વીના તટસ્થ ભાવના કસોટીથી સત્યની શોધ કરવાની છે તે ધ્યાને લેતા આ કામના ભોગબનનાર સાથે આરોપીએ આક્ષેપીત કૃત્ય કરેલ છે તે બાબતે શંકા ઉભી થાય છે. આમ, ફરીયાદપક્ષ કેસના મુળભુત તથ્યો સ્થાપિત કરી શકેલ ન હોય, તેથી પોકસો એકટ કલમ ૨૯ મુજબ વિરુદ્ધનું પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે આ કેસના કામે નાખી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેના ગુન્હાઓ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય તયારે આ કામના આરોપીએ ભોગબનનાર સાથે બળાત્કાર તથા અવાર-નવાર બળાત્કાર કરી, પ્રવેશ જાતિય હુમલો, ગંભીર પ્રવેશ જાતિય હુમલો, ગંભીર જાતિય હુમલો, જાતિય સતામણી કરી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ ૪, ૫, ૬, ૮ અને ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનુ ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય આ સંજોગોમાં ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લઈ **મુદ્દા નં.-૨** નો જવાબ ''નકારમાં'' ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં.-૩** અંગે નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી ગોરધનભાઈ બાદુરભાઈ મોહનભાઈ મીઠાપરા, ઉ.વ. ૬૦, ધંધો–ભંગાર વીણવાનો. રહે. નાની વાવડી, તા. રાણપુર, જી. બોટાદ. હાલ ભેસાણ ચોકડી, જૂનાગઢવાળાને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૩), ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ ૪, ૫(એલ), ૫(એન), ૬, ૮,૧૨ મુજબ ગુન્હાના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૭(એ) હેઠળના આરોપીએ રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરાના સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અપીલ સમય વિત્યેથી નિયમાનૂસાર તેનો નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૦૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

જૂનાગઢ.
તા. ૦૭–૦૩–૨૦૨૬.

**(હિતેશકુમાર ગીરીશભાઈ દામોદ્રા)**
સ્પેશ્યલ જજ (પોકસો )
જુનાગઢ.
**(કોડ નં. GJ01005)**